आज़ादी का अमृत महोत्सव

નાયબ કલેક્ટર અને
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બારડોલી

સત્યમેવ જયતે

નાયબ કલેક્ટર અને
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,
પ્રથમ માળ, તાલુકા સેવાસદન બારડોલી,
તા.બારડોલી જિ.સુરત.
ફો.નં.૦૨૬૨૨-૨૨૧૧૨૪
E-Mail: 19.prantbardoli@gmail.com

નમૂનો-૧
(જુઓ નિયમ-૧૬)
શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.,બામણીયા
:: ચૂંટણી અંગેની જાહેરાત ::

કલેક્ટરશ્રી, સુરતનાં પત્ર ક્રમાંકઃ નં.સ્થા.સ્વ.ચું./મહુવા/સુગર સ.મં./ચૂંટણી/ વશી. ૪૦૭૪ થી ૪૦૭૫/ ૨૦૨૬, તા.૨૯/૦૬/૨૦૨૬થી અત્રેને શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., મુ.પો.ફેક્ટરી સાઈટ, બામણીયા,તા.અંબિકા, જિ.સુરતની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી યોજવા અંગેની કાર્યવાહી કરવા માટે અમોને ચૂંટણી અધિકારી તરીકે અધિકૃત કરવામાં આવેલ છે.ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ના નિયમ-૧૬થી મળેલી સત્તાની રૂએ હું રોશની પટેલ(જી.એ.એસ.)ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, બારડોલી પ્રાંત, જિ.સુરત આથી જાહેર કરું છું કે, શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. મુ.પો. ફેક્ટરી સાઈટ, બામણીયા,તા.અંબિકા,જિ.સુરતના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની ચૂંટણી થવાની છે. અને આ સાથેની અનુસુચિના હરોળ-૧માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળો(જેના આમાં હવે પછી "સંબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની ચૂંટણીનાં સંબંધમાં

(એ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે હરોળ-૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારીપત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરે છે;
(બી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં ઉમેદવારી-પત્રો સ્વીકારવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના હરોળ-૩માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારીપત્ર તૈયાર કરી શકાય તે સ્થળ તરીકે નક્કી કરે છે;
(સી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખને, સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં, મળેલા ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે;
(ડી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સંબંધિત મતદાર સામે હરોળ-૫માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા ઉમેદવારીપત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરે છે;
(ઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૬માં નિર્દિષ્ટ કરેલ તારીખને, માન્ય ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે,
(એફ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૭માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે,
(જી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૮માં નિર્દિષ્ટ કરેલી તારીખને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં, હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિદ્ધિની તારીખ તરીકે નક્કી કરે છે.
(એચ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૯માં, નિર્દિષ્ટ કરેલ તારીખને શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. મહુવા નામે ઓળખાતી સહકારી સમિતિના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની કરવાનું જરૂરી હોય તો, જે તારીખે તે કરવાની હોય તે તારીખ તરીકે નક્કી કરે છે,
(આઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૧૦માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરે છે,
(જે) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૧૧માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને તેમજ હરોળ-૧૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને, મત ગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે,
(કે) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૧૩માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનના પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરે છે.

-::-અનુસૂચિ-::-

અ.નં.	મંડળી/સંસ્થાનું નામઃ શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.,બામણીયા, તા.અંબિકા, જિ.સુરત નામે ઓળખાતી સહકારી સમિતિના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની ચૂંટણી		
૧	મતદાર વિભાગનો નંબર	મતદાર વિભાગનું નામ	ચૂંટવાના સભ્યોની સંખ્યા
	૧	અનાવલ	૦૧
	૨	નાગધરા મહિલા સભાસદ-૧ (અનામત)	૦૧
	૩	ઝેરવાવરા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ (અનામત)	૦૧
	૪	ઉવા	૦૧
	૫	મહુવા	૦૧
	૬	રાનકુવા	૦૧
	૭	વ્યારા	૦૧
	૮	વાંસકુઈ(કરચેલીયા)	૦૧
	૯	વાંકાનેર મહિલા સભાસદ-૨ (અનામત)	૦૧
	૧૦	વાલોડ	૦૧
	૧૧	બારડોલી	૦૧
	૧૨	વલવાડા નાના અને સિમાંત ખેડૂત સભાસદ(અનામત)	૦૧
	૧૩	દેદવાસણ	૦૧
	૧૪	મહુવરીયા	
	૧૫	બાજીપુરા	
	૧૬	બિન ઉત્પાદક સહકારી મંડળીઓનાં પ્રતિનિધિ	૦૧
		કુલ :-	૧૬

અ.નં.	વિગત	તારીખ/વાર	સમય
૨	મતદાર મંડળનું નામઃ શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.,બામણીયા તા.અંબિકા,જિ.સુરત નામે ઓળખાતી સહકારી સમિતિના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની ચૂંટણી		
૩	ઉમેદવારી પત્રો મેળવવા માટેની તારીખ, સમય અને સ્થળ. સ્થળઃ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત.	તા.૦૭/૦૯/૨૦૨૬ સોમવાર થી તા.૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર સુધી (કામકાજના દિવસો દરમ્યાન)	૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી
૪	ઉમેદવારી પત્રો સ્વીકારવા માટેની તારીખ સમય અને સ્થળ. સ્થળઃ ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત.	તા.૦૭/૦૯/૨૦૨૬ સોમવાર થી તા.૧૧/૦૯/૨૦૨૬ શુક્રવાર સુધી (કામકાજના દિવસો દરમ્યાન)	૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી
૫	મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય, અને સ્થળ સ્થળઃચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત.	તા.૧૧/૦૮/૨૦૨૬ શુક્રવાર	હરોળ- ૩ની કાર્યવાહી પુર્ણ થયા બાદ
૬	ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનાં તારીખ, સમય અને સ્થળ સ્થળઃચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત.	તા.૧૪/૦૮/૨૦૨૬ સોમવાર	૧૧-૦૦ કલાકે અને
૭	માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય, અને સ્થળ ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત. ૨. શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બામણીયા	તા.૧૬/૦૯/૨૦૨૬ બુધવાર	૧૧-૦૦ કલાકે
૮	ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાનાં તારીખ, સમય, અને સ્થળ સ્થળઃ- ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત.	તા.૧૬/૦૯/૨૦૨૬ બુધવાર થી તા.૧૭/૦૯/૨૦૨૬ ગુરૂવાર	૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી
૯	હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ, સમય, અને સ્થળ ૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત કચેરી, તાલુકા સેવા સદન બારડોલી, જિ.સુરત. ૨ શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બામણીયા	તા.૧૮/૦૯/૨૦૨૬ શુક્રવાર	૧૨-૦૦ કલાકે
૧૦	મતદાન જરૂરી હોય તો તેની તારીખ	તા.૨૭/૦૯/૨૦૨૬ રવિવાર	૦૯-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી
૧૧	જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય અને સ્થળ આ સાથેના કોષ્ટકમાં દર્શાવેલ મતદાન મથકો ઉપર	તા.૨૭/૦૯/૨૦૨૬ રવિવાર	૦૯-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી
૧૨	મત ગણતરી માટેની તારીખ અને સમય	તા.૨૯/૦૯/૨૦૨૬ મંગળવાર	૦૯:૦૦ કલાકે
૧૩	મત ગણતરી માટેનું સ્થળ સ્થળઃ- સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ,કાછલ, તા.મહુવા, જિ. સુરત	-	-
૧૪	મતદાનનુ પરિણામ જાહેર કરવાની તારીખઃ	તા.૨૯/૦૯/૨૦૨૬ મંગળવાર	હરોળ-૧૧ની કાર્યવાહી પુર્ણ થયેથી તરત જ

(રોશની પટેલ)
ચૂંટણી અધિકારી અને
નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત,
જિ.સુરત

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ના નિયમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું રોશની પટેલ, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત, જિ.સુરત આથી શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., મુ.પો.ફેક્ટરી સાઈટ,બામણીયા,તા. અંબિકા,જિ.સુરતના નામે ઓળખાતી સહકારી સમિતિના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની માટે નીચે જણાવેલ સ્થળને મતદાન મથક તરીકે જાહેર કરૂ છું.

મતદાન મથક

મતદાન વિભાગ નં.	મતદાર વિભાગનું નામ	મતદાન ક્રમાંક નં.	સમાવિષ્ટ ગામોની યાદી	મતદાન મથકનું નામ અને સ્થળ
૧	અનાવલ	૧	અનાવલ, આંગલધરા, કુમકોતર, કોષ, ગાંગડીયા, લસણપોર, કુકડા, કુરેલીયા, કેળકચ્છ, ચઢાવ, ધરમપુરી, પાલગભાણ, ભીનાર, વાટી, સરા, ખરજઈ, તરકાણી,વહેવલ, ઉમરા, ઉનાઈ, સીણધઈ,બારતાડ (ઉનાઈ)	શ્રી અનાવલ વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ, અનાવલ, તા.અંબિકા, જિ.સુરત
૨	નાગધરા	૨	અંબાડા, ઉગત, કરાખટ, કુંભારફળીયા, દડેશ્વર, નાગધરા, મહુડી (નવસારી), શાહુ, સરપોર, સાતેમ, નવસારી, ચીતાલી, ટાંકલ, બોડવાંક, સૈરેયા, નોગામા (ચીખલી), ગણદેવા, જોગવાડ, ડભલાઈ, સુથવાડ	પ્રાથમિક શાળા, નાગધરા, તા.નવસારી, જિ.નવસારી
૩	ઝેરવાવરા	૩/૧	ગુણસવેલ, ઝેરવાવરા, વાઘેશ્વર, કાંકરીયા, સણવલ્લા, સાંબા, વેલણપુર	પ્રાથમિક શાળા, ઝેરવાવરા, તા.અંબિકા, જિ.સુરત
		૩/૨	બારતાડ, ખરવાણ, ખંડાળ (બારતાડ)	પ્રાથમિક શાળા, ખરવાણ, તા.મહુવા, જિ.સુરત
૪	ઉવા	૪	ઉતારા, ઉવા, કરચકા, માણેકપોર (ઉવા), વઘાવા, મઢી, સુરાલી,અકોટી, કંટાળી, ખોજપારડી, જુનવાણી, ટીમ્બરવા, પલસોદ, બામણી, બાલ્દા, વઢવાણીયા, વરાડ, કડોદ, સીંગોદ(બારડોલી), નસુરા, મસાડ, માંગરોલીયા (ઉવા)	પ્રાથમિક શાળા,ઉવા, તા.બારડોલી, જિ.સુરત
૫	મહુવા	૫	આમચક, ઓંડચ, કાની, જોળબીડ, ટુંટેસા, મહુડી(મહુવા), મહુવા, મીંયાપુર, રાણત, શંકરતલાવડી, કાદીયા, બુધલેશ્વર, અંધાત્રી(મહુવા), મુડત, શેખપુર,મોરદેવી	પ્રાથમિક શાળા, મહુવા, તા. મહુવા, જિ.સુરત
૬	રાનકુવા	૬/૧	અંબાચ (ચીખલી), આછવણી, કાંગવઈ, કુકેરી, ખરોલી, ઘોડવણી, ચાંપલધરા, દિગેન્દ્ર નગર, દોણજા, પ્રતાપનગર, ફડવેલ, બામટી, બામણવેલ, બારોલીયા (ચીખલી), બારસોલ, માંડવખડક, રાનકુવા, રાનવેરીખુર્દ, રૂપવેલ, રાનવેરીકલ્લા, વાંઝણા, વાંદરવેલા, સારવણી, હરણગામ	પ્રાથમિક શાળા, દિગેન્દ્રનગર, તા.ચીખલી, જિ.નવસારી
		૬/૨	ઉપસળ, કંડોલપાડા,કાંટસવેલ, ખડકીયા, ચારણવાડા, ધાકમાળ, નવતાડ, નવાનગર, નાનીવાલઝર, મનપુર, મહુવાસ, મોટીભમતી, મોટીવાલઝર, લીમઝર, વણારસી, વાંસદા, સીંગાડ, સીતાપુર, ખાંભલા (વાંસદા)	પ્રાથમિક શાળા, કંડોલપાડા, તા.વાંસદા, જિ.નવસારી
૭	વ્યારા	૭	અંધારવાડીનજીક, ઉખલદા, ગડત, ઉમરકચ્છ, ઉમરકુઈ(વ્યારા), કલાળા, કપુરા, ખુટાડીયા, ગાળકુવા, જેસીંગપુરા, દેગામા, ધર્જાબા, મગરકુઈ, માયપુર, રામકુવા, રૂપવાડા, રેંગણકચ્છ, વ્યારા, કરંજવેલ, ઉમરવાવનજીક	પ્રાથમિક શાળા, કપુરા, તા.વ્યારા, જિ.તાપી
			કસવાવ,કેળકુઈ, ગાંગપુર(વ્યારા),ગોલણ, ઘેરીયાવાવ, બેડચીત, ઘાણી. અંધાત્રી(વાલોડ), બુહારી, કલકવા, પેલાંડબુહારી, બેડારાયપુરા	પ્રાથમિક શાળા, કલકવા,તા.ડોલવણ, જિ.તાપી
૮	વાંસકુઈ (કરચેલીયા)	૮/૧	કરચેલીયા, કાછલ, કૃપાવાડી, કુકરબેડા, ડુંગરી, પાનાફળીયા, વડીયા	પ્રાથમિક શાળા, કરચેલીયા, તા.મહુવા, જિ.સુરત
		૮/૨	નેવાલીયા, કટૈયા,નળધરા, બામણીયા, વાંસકુઈ .	પ્રાથમિક શાળા વાંસકુઈ, તા.મહુવા, જિ.સુરત (બુથ-૧)
૯	વાંકાનેર	૯	અલ્લુ, આફવા, કીકવાડ, સેજવાડ, મોટીભટલાવ, વાંકાનેર, અંચેલી, કણાઈ, બમરોલી, તાજપોર, નીઝર, પચરાડીયા, બાબલા, ભુવાસણ, વડોલી (બારડોલી), વાઘેચ, સરભોણ, તરસાડી (મહુવા), મહેકપોર	પ્રાથમિક શાળા,વાંકાનેર, તા.બારડોલી, જિ.સુરત
૧૦	વાલોડ	૧૦/૧	નવાફળીયા, ભીમપોર, હથુકા, રાનવેરી (વાલોડ), વાલોડ, વીરપોર, વેડછી, શીકેર, શાહપોર (વાલોડ), ડુમખલ, કણજોડ, અંબાચ (વાલોડ)	પ્રાથમિક શાળા, વાલોડ તા.વાલોડ, જિ.તાપી (બુથ -૧)
		૧૦/૨	જામણીયા, અઘાપોર, ઈનમા, ખાંભલા(વાલોડ), દાદરીયા, ગોડઘા, દેલવાડા, બોરીયા, નનસાડ, કલમકૂઈ(મઠી), દોડીયાફળીયા, નાલોઠા	પ્રાથમિક શાળા,વાલોડ તા.વાલોડ, જિ.તાપી (બુથ-૨)
૧૧	બારડોલી	૧૧	અલુરા, આસ્તા, ખાનપુર (કામરેજ), ડુંગર-ચીખલી, પાલી, મીરાપુર, મોતા, વિહાણ, શામપુરા, કારેલી, સેવણી, બગુમરા, બારડોલી, ઈસનપોર, હલધરૂ, જોળવા, અસ્તાન, ખરવાસા, બાબેન, રામપુરા,પીસાદ	પ્રાથમિક શાળા, મોતા, તા.બારડોલી, જિ.સુરત
૧૨	વલવાડા	૧૨/૧	અલગટ(મહુવા),અલગટ (વાલોડ), બુટવાડા(ખારા)	પ્રાથમિક શાળા, બુટવાડા, તા.અંબિકા, જિ.સુરત
		૧૨/૨	ભગવાનપુરા, વસરાઈ, ભોરીયા, પુના,વલવાડા	પ્રાથમિક શાળા, વલવાડા,તા.અંબિકા, જિ.સુરત
૧૩	દેદવાસણ	૧૩	કવીઠા, કોદાદા, ઘોળીકુઈ, નરડા, નિહાલી, કુલવાડી, વાછાવડ, બીલખડી, ગોપળા, ઘડોઈ, દેદવાસણ	પ્રાથમિક શાળા, દેદવાસણ, તા.મહુવા, જિ.સુરત
૧૪	મહુવરીયા	૧૪	ધામખડી, મહુવરીયા, પંચોલ, માછીસાદડા, ડોલવણ, પીઠાદરા, પાટી(ડોલવણ), પાઠકવાડી, વાંકલા, અંતાપુર, અંધારવાડીદુર,હળદવા, કુંભીયા(ડોલવણ), બામણામાળદુર, વણજાખણ (ડોલવણ)	પ્રાથમિક શાળા, મહુવરીયા, તા.અંબિકા, જિ.સુરત
૧૫	બાજીપુરા	૧૫/૧	બાજીપુરા, બુટવાડા(વાલોડ), સ્યાદલા, કહેર, ધામોદલા, બેડકુવા, લોટરવા, બોરખડી, તીતવા	પ્રાથમિક શાળા, બાજીપુરા, તા.વાલોડ, જિ.તાપી
		૧૫/૨	રતનીયા, તરસાડાબાર, જાંખલા, ઉન(માંડવી), કોસાડી, ગોદાવાડી, ઉમરસાડી, કમલાપોર (માંડવી), કેવડીયા, ખંજરોલી, ગવાછી, નોગામા(માંડવી), પીંપરીયા(માંડવી), બોધાન, ઉશ્કેર	પ્રાથમિક શાળા, કમલાપોર, તા.માંડવી, જિ.સુરત
૧૬	બિનઉત્પાદક સહકારી મંડળીઓ	૧૬	સમાવિષ્ટ બિન ઉત્પાદક સામાન્ય સહકારી મંડળીઓ	પ્રાથમિક શાળા, વાંસકુઈ, તા.મહુવા, જિ.સુરત(બુથ-૨)

નં.ઈએલસી/મ.પ્ર.સ.ખાં.ઉ.મં.લી.બામણીયા/ચૂંટણી/વશી.૧૯૬/૨૦૨૬
ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર
બારડોલી પ્રાંતની કચેરી
તાલુકા સેવા સદન બારડોલી,
તા.બારડોલી જિ.સુરત
તા.૦૨/૦૯/૨૦૨૬

(રોશની પટેલ)
ચૂંટણી અધિકારી અને
નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત,
જિ.સુરત

અમેરિકાના મિસાઈલ હુમલામાં 19નાં મોત

ઈરાનનો દાવોઃ લગ્ન સમારોહ પપર અમેરિકાએ મિસાઇલમારો કરતા 5નાં મોત

ઈરાનનો અમેરિકી ઠેકાણાઓ પર પલટવાર

અમેરિકાએ સમગ્ર મધ્ય પૂર્વ માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી

યમનમાં IS પ્રવક્તા ઠાર અને ગાઝામાં ઈઝરાયેલી દરોડો

દુબઈ, તા. 2 (એપી): એક મહિનાના વિરામ બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે લશ્કરી સંઘર્ષ ફરી તીવ્ર બન્યો છે. અમેરિકી સેનાએ દક્ષિણ ઈરાનના સિરિક, ખુજેસ્તાન, કેશ્મ ટાપુ, બંદર અબ્બાસ અને કુહેસ્તક સહિતના લશ્કરી ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલાઓમાં કુલ 19 લોકોનાં મોત થયાં છે અને 68થી વધુ ઘવાયા છે. ઈરાને દાવો કર્યો હતો કે કુહેસ્તકમાં એક ખાનગી મકાનમાં યોજાયેલા લગ્ન સમારોહ પર અમેરિકી મિસાઈલ અથવા તેનો કાટમાળ પડતાં બે બાળક સહિત 5 લોકોનાં કરૂણ મોત નીપજ્યા હતાં. ઈરાને આ ઘટનાને 'વોર ક્રાઈમ' ગણાવી કડક જવાબ આપવાની ચીમકી આપી છે, જ્યારે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) નાગરિકોને નિશાન બનાવ્યા હોવાના આક્ષેપો ફગાવતા માત્ર રાડાર અને કોમ્યુનિકેશન ટાવર્સ જેવા લશ્કરી લક્ષ્યો પર જ પ્રહાર કર્યા હોવાનો દાવો કર્યો છે.

અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને જોર્ડન, બહેરીન, કુવૈત અને યુએઈ (UAE)માં આવેલા અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. હોર્મોઝની સમુદ્રધૂનીમાં વ્યાપારી જહાજોની અવરજવર પર ઈરાને નિયંત્રણ મેળવતાં વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાયો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે જો તે વળતા પ્રહારો ચાલુ રાખશે તો તેના પર વધુ સખત હુમલા કરવામાં આવશે.

એપલમાં નવા યુગનો પ્રારંભઃ જ્હોન ટર્નસે CEO પદ સંભાળ્યું

નવા સીઇઓ ટર્નસને રૂ. 551 કરોડનું પેકેજ મળશે

ટીમ કુક એક્ઝિક્યુટીવ ચેરમેન, તેમનો પગાર ઘટી રૂ. 446 કરોડ થયો

નવી દિલ્હી, તા. 2: એપલમાં 1લી સપ્ટેમ્બરથી નેતૃત્વમાં મોટો ફેરફાર થયો છે. ટિમ કુકે સીઇઓ પદેથી રાજીનામું આપતાં જ્હોન ટર્નસે નવો પદભાર સંભાળ્યો છે, જ્યારે ટિમ કુક હવે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ભૂમિકા ભજવશે. નેતૃત્વ પરિવર્તનની સાથે કંપનીએ યુએસ સેક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)માં ફાઈલિંગ કરીને બંને અધિકારીઓના નવા સેલેરી પેકેજની વિગતો જાહેર કરી છે.

નવા સીઇઓ જ્હોન ટર્નસનું આ નાણાકીય વર્ષ માટે ટાર્ગેટ કોમ્પન્સેશન આશરે 58 મિલિયન ડોલર (રૂ. 551 કરોડ) રહેશે. તેમાં 3 મિલિયન ડોલર વાર્ષિક બેઝ સેલેરી અને 55 મિલિયન ડોલરના સ્ટોક એવોર્ડનો સમાવેશ થાય છે. આ સિવાય તેમને સપ્ટેમ્બરમાં પૂરા થતા નાણાકીય વર્ષ 2026 માટે 2.5 મિલિયન ડોલરનો સ્ટોક યુનિટ એવોર્ડ પણ મળશે. ટર્નસના ઈક્વિટી એવોર્ડના 75 ટકા એપલના શેરબજારના પ્રદર્શન સાથે જોડાયેલા હશે, જ્યારે બાકીના 25 ટકા સમય આધારિત રહેશે.

બીજી તરફ, ટિમ કુકને એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે આશરે 47 મિલિયન ડોલર (રૂ. 446 કરોડ)નું પેકેજ મળશે, જેમાં 2 મિલિયન ડોલર સેલેરી અને 45 મિલિયન ડોલરના સ્ટોક એવોર્ડ સામેલ છે. કુકને સીઇઓ તરીકે અગાઉ 74.3 મિલિયન ડોલર મળતા હતા, જેથી તેમનું પેકેજ હવે ઘટી ગયું છે. 2011માં સ્ટીવ જોબ્સ પછી પદ સંભાળનાર કુકે પોતાના 15 વર્ષના કાર્યકાળ દરમિયાન એપલની માર્કેટ વેલ્યુ 350 બિલિયન ડોલરથી વધારીને 4.5 ટ્રિલિયન ડોલરથી વધુ સુધી પહોંચાડી છે.

CJPના ખુલાસાની અસરઃ જયપુરમાં જર્જરિત સરકારી શાળા પર બુલડોઝર

નવા મકાન માટે રૂ.. 18 લાખ મંજૂર

ઈમારત અસુરક્ષિત હોવાના કારણે કેટલાંક સમયથી શાળા ભેંસના તબેલામાં ચાલતી હતી

જયપુર, તા. 2 (પીટીઆઈ): જયપુરમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સભ્યો દ્વારા ગત મહિને જર્જરિત હાલતનો ખુલાસો કરાયા બાદ રામપુરા (કંવરપુરા)ની સરકારી પ્રાથમિક શાળાનું જૂનું મકાન બુધવારે તોડી પાડવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં મકાનને બુલડોઝરથી ધરાશાયી કરવામાં આવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "મકાન તોડી પાડવામાં આવ્યું છે."

સપ્ટેમ્બર 2025માં ટેકનિકલ સર્વે બાદ શાળાના મકાનને જર્જરિત અને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ તેનો ઉપયોગ બંધ કરી દેવાયો હતો. રાજસ્થાન સરકારે ગત મહિને અહીં ટૂંક સમયમાં રૂ. 18 લાખના ખર્ચે નવું શાળા મકાન બનાવવાની જાહેરાત કરી હતી. આ માટે 13 ઓગસ્ટે જિલ્લા ખનિજ ફાઉન્ડેશન ટ્રસ્ટ (DMFT)માંથી રૂ. 12 લાખ અને ધારાસભ્ય ફંડમાંથી વધુ રૂ. 6 લાખ મંજૂર કરાયા હતા.

CJPની ટીમ ગત મહિને સરકારી શાળાઓની સ્થિતિ ઉજાગર કરવા માટે ચલાવાયેલા 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હેઠળ રામપુરા ગામ પહોંચી હતી.

SBI એસબીઆઇ સોસયો સર્કલ શાખા ૧૦૯૯૩, સોસયો સર્કલ, ઉધના મગદલ્લા રોડ, સુરત, ગુજરાત ૩૯૫૦૦૧

હરાજી વેચાણ નોટિસ (ગીરવે મુકેલી સોનાની વસ્તુઓની હરાજી)

અહીં સૂચિત કરવામાં આવે છે કે નીચે જણાવેલ વ્યક્તિ રજિસ્ટર્ડ પોસ્ટ પત્રો દ્વારા જાણ કરવા છતાં, તેણીએ લીધેલી ગોલ્ડ લોનની ચુકવણી કરવામાં નિષ્ફળ ગઈ છે. ૦૩.૦૯.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં નીચે જણાવેલ ખાતામાં બાકી નીકળતી રકમ ચૂકવી દેવા વિનંતી છે.જે નિષ્ફળ જવા પર બેંક દ્વારા ૦૫.૦૯.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે એસબીઆઈ સોસયો સર્કલ સુરત શાખા પરિસરમાં જામીનગીરીઓની હરાજી કરવામાં આવશે.કોઈ પણ જાતની વધુ જાણ કર્યા વિના બેંકની મુનસફી પર છે.

ક્રમ	શાખાનું નામ	કરજદારનું નામ	લોન અકાઉંટ નંબર	ગ્રોસ વજન (ગ્રામમાં)	નેટ વજન (ગ્રામમાં)	બાકી રકમ (રૂપિયામાં)
1	સોસયો સર્કલ સુરત ૧૦૯૯૩	સમાધાન પાંડુરંગ પાટીલ	XXXXXX૮૯૭૨૦	૧૬.૩	૧૬.૦૦	RS. ૯૭૦૦૦/- + વ્યાજ
			કુલ	૧૬.૩	૧૬.૦૦	RS. ૯૭૦૦૦/- + વ્યાજ

તારીખ:31/08/2026 | સ્થળ:સુરત

શાખા પ્રબંધક, ભારતીય સ્ટેટ બેંક, સોસયો સર્કલ સુરત 10993

બસ કૂવાની પ્રોટેક્શન વોલ તોડીને અંદર ખાબકતા માંડ બચી

કરીમનગર, તા. 2: તેલંગાણા સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ટીજીએસઆરટીસી)ની એક બસ કરીમનગરના સુંદરગિરી ગામના સીમાડામાં ખેતરના કૂવાની પ્રોટેક્શન વોલ તોડીને